# **કાલાવડના મ્હે. શ્રી જયુ.મેજી . (ફ.ક.) સાહબેની કોર્ટમાં,મુ.કાલાવડ**

**ફો. કેસ નં.૧૬૧૬/૨૦૨૨**
**આંક:– ૦૫**

**ફરીયાદી:–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી :–** કીશનભાઈ લવજીભાઈ વાઘેલા
રહે. નીકાવા, તા. કાલાવડ, જી.જામનગર

**ગુનો :–** ગુજરાત નશાબંધી ધારાની કલમ– ૬૫ એએ

**–: ચુ કા દો :–**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી સામે ગુજરાત નશાબંધીધારાની કલમ– ૬૫ એ એ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે સંબંધિત પોલીસ સ્ટેશન ધ્વારા ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે. સદરહુ ચાર્જશીટ જોતા તેમાંથી એ સ્પષ્ટ થાય છે કે, આરોપીએ ચોકકસ સમયે અને જગ્યાએ જાહેરમાં પાસ પરમીટ વગર દેશી પીવાના દારુનું ઓછા જથ્થામા હોય, તેવો કોઈ કેફી પદાર્થ વેચે તેમજ પોતાના કબ્જામા રાખે અથવા તેની હેરફેર કરે આવા દરેક ગુના માટે ૦૩ વર્ષની મુદત સુધીની કેદની અને દંડની શિક્ષાની જોગવાઈ કરવામા આવેલ છે.

મજકુર કામે પ્રોહીબીશન એકટની કલમ– ૬૫ એએ મુજબનુ ચાર્જશીટ થયેલ છે, આરોપી આજરોજ હાજર થઈ કબુલાત પુરસીસ રજુ કરે છે. આરોપીને પુછતા તેણે સ્વેચ્છાએ કબુલાત કરેલ છે. કોઈપણ જાતનુ પ્રલોભન આપેલ નથી. આરોપી સામે તેના કબ્જામા **૦૫** લીટર દેશી દારુ રાખવાનો ગુનો છે. સદર કામે પ્રોહી કલમ–૬૫ એએ મુજબ ૦૩ વર્ષની સજા અને દંડની જોગવાઈ કરવામા આવેલ છે, આરોપીની સ્વૈચ્છીક કબુલાત અને તેની રજુઆત જોતા આરોપી ગરીબ અને કુંટુંબ કબીલા વાળો છે, કાયદાની અજ્ઞાનતાના કારણે ગુનો કરેલ હોવાનુ તેમજ પસ્તાવો વ્યકત કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોવાની હકીકત વ્યકત કરે છે.

(૨) આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાત્રી કરેલ છે.

(૩) આરોપી વિરુધ્ધ ચાર્જ ફ્રેમ કરી પ્લી રેકર્ડ કરતા પ્રથમ આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ હતો પરંતુ આજરોજ આરોપીએ હાજર રહી તેઓની સામેનો ગુનો કબુલ હોવાનુ કબુલાત પુરસીશ આપી જાહેર કરી પોતાને ગુનો કબુલ મંજુર હોય જેથી યોગ્ય હુકમ કરવા જણાવેલ છે.

(૪) આ ગુનાની ટ્રાયલ માટે હાલના અમો સરકારી અમલદાર ફરીયાદ, સરકારી અમલદાર સાહેદ, પંચો, સરકારી અધિકારી સાહેદ તથા ડોકટર સાહેદ તપાસ કરનાર અમલદારને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ ઉપર આવે ત્યારે આરોપીને કલમ– ૬૫ એ એ મુજબની સજા થાય. વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીંગ કેસની સાથે નવા દાખલ થતા કેસોનું પ્રમાણ લક્ષમાં લેતા ટુંકા સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને પુરી કરવી સંભવી શકે નહીં. ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતા આરોપીને મહતમ સજા અથવા દાખલા રુપ સજા કરવામાં આવે તો,આરોપીનુ કુંટુંબ રસ્તે રજડતુ થઈ જાય,આરોપીની ભુલ ની સજા તેના કુંટુંબે ભોગવવી પડે તેમ છે.આરોપીએ ખરેખર સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે.

(૫)	આરોપીનો સમય, ફરીયાદ પોલીસ સરકારી વકીલનો સમય, સરકારી સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલને અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયિક હુકમ કરવામાં આવે તેના બદલે જો આરોપી પ્રથમ(મુદતે હાલનો ગુનો કબુલે છે ત્યારે તેણે ગુના કબુલ સંદર્ભે રજુ થયેલી હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને પક્ષકારોનો જે સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં ઉપયોગ કરી શકાય તેમ હોઈ ઉપરાંત આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલી તમામ હકીકતોઅને તમામ પરિસ્થિતિઓને ધ્યાને લઈ તેમજ ''ગુજરાત રાજય વિ. નટવર હરચંદજી ઠાકોર ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯'', ચુકાદામાં નામ. વડી અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નકકી કરેલી ઓછામાં ઓછી સજા કરતા ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનુ હીત જળવાઈ રહે તેમ હોઈ ઉપરોકત સંજોગો ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી ન્યાયના હિતમા નીચે મુજબો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત ચુકાદો ધ્યાને લેતા તેમજ આરોપીના ઉપરોકત તમામ સંજોગોને ધ્યાને લેતા અને આરોપીની સ્વેચ્છીક કબુલાતને ધ્યાને લેતા આરોપીને ઓછામા ઓછી સજા કરવાનો કીસ્સો જણાતો હોય, આરોપીની કબુલાત પુરસીસ રેકર્ડ કરી આરોપીને સી.આર.પી.સી.ની કલમ – ૨૫૨ અન્વયે તકસીરવાન કરતો આખરી હુકમ ફરમાવુ છું.

**–:: આ ખ રી હુ ક મ ::–**

આ કામે આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ – ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ – ૬૫ એએ મુજબના ગુન્હા બદલ કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા. ૫૦૦/– ( રૂપીયા પાચ સો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન–૦૩ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.આ કામે મુદામાલ હોય તો અપીલ સમય બાદ નાશ કરવો.

આરોપીના અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાત મુચરકા ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) હેઠળ છ માસ પુરતા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ **૧૨** માહે **નવેમ્બર** સને **૨૦૨૨** નાં રોજ વાંચી, સંભળાવી જાહેર કર્યો.

કાલાવડ.

તા.૧૨/૧૧/૨૦૨૨

સ્પે. સીટીંગ

**(આર.કે.તંવર)**
**જયુડી.મેજી. ફર્સ્ટ કલાસ.**
**કાલાવડ.**
**કોડ નંબર : જીજે૦૧૩૩૫**

દંડ રજી. નં..............પો.બુક નં.............
થી રૂા.૫૦૦/–અંકે રૂપીયા પાંચસો પુરા જમા લીધા.
તા. ૧૨ /૧૧/૨૦૨૨

**નાઝીર**